તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ.

# નામ જોગ (વ્યકિતગત) /મંડળી મારફત ખેડુત ખાતેદાર માટે વાહન લોન (ટુ વ્હીલર) માટેની ધિરાણ નિતિ

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | ટુ વ્હીલર વાહન ખરીદવા માટે ધિરાણની સુવિધા આપવા માટે |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | ➢ અરજદાર નીચે મુજબની કોઈપણ એક લાયકાત ધરાવતો હોવો જોઈએ<br>• ખેડુત ખાતેદાર હોવો જોઈએ<br>• સ્થાવર મિલ્કત ધરાવતો હોવો જોઈએ<br>• કાયમી પગારદાર કર્મચારી હોવો જોઈએ<br>• અરજદાર/જામીનો ને બેન્કના નોમીનલ સભ્ય બનાવવાના રહેશે.<br>• કાર્યવિસ્તારનો રહેવાસી હોવો જોઈએ<br>• અરજદાર/સહઅરજદારની ઉંમર ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીની હોવી જોઈએ. પરંતુ અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો ઘરના અન્ય કોઈ નાની ઉમરના વ્યસ્ક સભ્યને સહઅરજદાર બનાવવાના રહેશે. |
| ૩ | રીપેઈંગ કેપીસીટી | • ખાતેદાર ઓછામાં ઓછી ૨ એકર જમીન ધરાવતા હોવા જોઈએ.<br>• જો અરજદાર વ્યવસાય/વેપાર/ઉદ્યોગ સાથે સંકળાયેલ હોય તો ધંધાના વાર્ષિક હિસાબો<br>• જો અરજદાર નોકરીયાત હોય તો પગાર સ્લીપ/પગારનો દાખલો<br>• અરજદારની વાર્ષિક આવક ઓછામા ઓછી રૂા.૨,૦૦,૦૦૦/– હોવી જોઈએ. |
| ૪ | માર્જીન | • માન્ય GST નંબર ધરાવતા ડીલર્સ ના કવોટેશનની રકમ ના ૨૦% માર્જીન રહેશે જે ધિરાણ સમયે બેંન્કમાં ખાતે દારે જમા કરાવવાની રહેશે. |
| ૫ | લોનની મર્યાદા | • મહતમ રૂા.૧,૦૦,૦૦૦/– |
| ૬ | મુદત/હપ્તાની સંખ્યા | • ૩૬ માસીક હપ્તા રહેશે. |
| ૭ | જામીનગીરી | • બેન્કને માન્ય હોય તેવા બે સધ્ધર જામીન મિલ્કત/ખેતીની જમીન ધરાવતા હોય તેના આધારો સાથે આપવાના રહેશે જેમને નોમીનલ સભ્ય બનાવવાના રહેશે. |
| ૮ | લોન અરજી સાથે બિડવાના આધારો | • બેન્કના નમુનામાં અરજી<br>• અરજદાર અને બે જામનીદાર ના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ<br>• આધાર કાર્ડ,પાનકાર્ડ,ચુંટણીકાર્ડ,ડ્રાઈવીગ લાયસન્સ,પાસપોર્ટ ની નકલ (એડ્રેસ પ્રુફ અને આઈ.ડી.પ્રુફ)<br>• વાર્ષિક આવકનો દાખલો<br>• માન્ય GST નંબર ધરાવતા ડીલર્સનું કવોટેશન<br>• અરજદાર ખેડુત હોય તો જમીન વિકાસ બેંક અને સેવા સહકારી મંડળીનું નો–ડયુ સર્ટીફિકેટ તથા કર્મચારી હોય તો સ્ટાફ મંડળીનું નો–ડયુ સર્ટીફિકેટ (મુદત વિતિ બાકીદાર ન હોવો જોઈએ)<br>• અરજદાર અને જામીનદાર ની મિલ્કત/ખેતિની જમીનના આધારોની નકલ<br>• પગારદાર કર્મચારીના પગારમાંથી હપ્તાની રકમ કપાત કરી પરબારે બેંકને ચૂકવી આપવાનું પગાર કરનાર સક્ષમ અધિકારીનું બાંહેધરી પત્ર.<br>• જામીનદારો નું લેખિત સંમતીપત્ર<br>• સીબીલ રીપોર્ટ |
| ૯ | ચકાસણી ફી | • નામજોગ (વ્યકિતગત) અરજદારો પાસેથી ટુ વ્હીલર માટે રૂા.૨૫૦/–+ GST ચકાસણી ફી આકારવાની રહેશે.<br>• સહકારી મંડળીઓ મારફત થયેલ તેના સભાસદોને ધિરાણના કિસ્સામાં ટુ વ્હીલર માટે |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

| | | |
|---|---|---|
| | | રૂ.૨૦૦/– + GST ચકાસણી ફી આકારવાની રહેશે. |
| ૧૦ | લોન આપતા સમયે કરવાની થતી કાર્યવાહી | • માર્જીનની રકમ અરજદારના બચત ખાતામાં ભરવાની રહેશે.<br>• જે વેપારીનું કવોટેશન રજુ થયેલ હશે તેને પુરી રકમનો પે–ઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટ ઈસ્યુ કરવાનો રહેશે.<br>• ડીમાન્ડ ડ્રાફટના કમીશનની રકમ અરજદારે ભોગવવાની રહેશે. |
| ૧૧ | લોન ધિરાણ સમયે લેવાના દસ્તાવેજો | • પ્રોમીશનરી નોટસ<br>• કન્ટીન્યુઈંગ ગેરન્ટી બોન્ડ<br>• ધીરાણની શરતો માન્ય રાખવાનું કબુલાતનામું<br>• આર.ટી.ઓ.ફોમ" નંબર:૨૯,૩૦,૩૪,૩૫,૨૦,૨૬<br>• જરૂરીયાત મુજબના અરજદારના ખાતાના એડવાન્સ સહી કરેલા ચેકો<br>• ખેતીની જમીન પર બોજા નોંધ માટે એકરારનામા (માત્ર ફોર વ્હીલર માટે) |
| ૧૨ | લોન ઉપાડ બાદ રજુ કરવાના આધારો | • વાહન ખરીદીનું બિલ<br>• માન્ય ડીલરને પરબારે કરેલ ચૂકવણાં સામે પહોંચ વાહન રજીસ્ટ્રેશન કરાવેલ આર.સી.બુકની નકલ,હાઈપોથીકેશનની નોંધ સાથે.<br>• લોનથી ખરીદાયેલ વાહનનો ફુલ વીમો,વીમા પોલીસી બેન્કના ફેવરમાં એસાઈન કરાવવી. |
| ૧૩ | સીકયોરીટી | • અરજદારની સ્થાવર/જંગમ મિલ્કત જો હોય તો મોગે"જ કરાવવી જો ન હોય તો જામીનદારની મિલ્કત મોગે"જ કરાવવી.<br>• અરજદારની ખેતિની જમીન પર બોજાની નોંધ.<br>• ઉપરોકત બન્ને સીકયોરીટીમાંથી લાગુ પડતી સીકયોરીટી લોન આપતા પહેલા મેળવી લેવાની રહેશે. |
| ૧૪ | શેર | • મંડળી મારફતે ધિરાણ મેળવવાના કિસ્સામાં અન્ય મેળવેલ લોન સામેના નિયમ મુજબની મર્યાદાના બેંક શેર સિવાય વધારાના ૨% બેંક શેર ધરાવતા હોવા જોઈએ. |
| ૧૫ | વ્યાજનો દર | • બેંકના પ્રવર્તમાન વ્યાજના દરે ધીરાણ થશે. |
| ૧૬ | વ્યાજની આકરણી | • માસિક ધોરણે આકરણી કરવામાં આવશે.ક |
| | | • **બેંક તરફથી આ નિતિ અંગે જે કંઈ ફેરફાર કે વધારાની શરતો નક્કી કરવામાં આવે તે વિના જાણ કરે બંધનકર્તા રહેશે.** |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

**ચીફ એકઝીકયુટીવ ઓફિસર**